# કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી (મહિલા વિંગ)
# બ્લોક નં. ૨૦, ગ્રાઉન્ડ ફ્લોર, ડાૅ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**વિધવા સહાય યોજનાના લાભાર્થીઓને તાલીમ ધ્વારા પુનઃસ્થાપન.**

ગુજરાત રાજ્યમાં ૩૩ જિલ્લાઓમાં વિધવા સહાય યોજનામાં સહાય મેળવતી ૧૮ થી ૪૦ વર્ષની ઉંમરની લાભાર્થી બહેનોને સ્વરોજગારલક્ષી તાલીમ આપવા ગુજરાત રાજ્યની સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી નીચેની શરતોને આધીન દરખાસ્તો મંગાવવામાં આવે છે. આ અંગેનું અરજીપત્રક વિભાગની વેબસાઇટ- http://wcd.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે. અરજીપત્રક સંપૂર્ણરીતે ભરી જે તે સ્વૈ.સંસ્થાના રજીસ્ટ્રેશન વાળા જિલ્લાના જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારીશ્રીની કચેરીમાં બે નકલમાં માગ્યા મુજબની વિગતો જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં કચેરી સમય દરમ્યાન સાંજના ૧૭.૦૦ કલાક સુધીમાં રજુ કરી પહોંચ મેળવી લેવાની રહેશે.

૧. સંસ્થા તા.૧/૦૪/૨૦૧૫ પહેલાં ઓછામાં ઓછા બે વર્ષથી સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ હેઠળ રજિસ્ટર્ડ થયેલી હોવી જોઇએ તેમજ છેલ્લા બે નાણાકીય વર્ષ એટલે કે વર્ષ-૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ દરમ્યાન ઓછામાં ઓછું વાર્ષિક ટર્નઓવર રૂા.૧૫.૦૦ (પંદર) લાખનું થયેલું હોવું જોઇએ. જેના આધારો અરજી પત્રક સાથે રજુ કરવાના રહેશે.

૨. સંસ્થાનું બેંક બેલેન્સ જાહેરાત વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થાય તે માસની પહેલી તારીખની સ્થિતિએ ઓછામાં ઓછું રૂા.૫.૦૦ (પાંચ)લાખનું હોવું જોઇશે. તેના પુરાવા અરજીપત્રક સાથે રજૂ કરવાના રહેશે.

૩. સંસ્થાએ નારી સશકિતકરણ અને અલગ અલગ સેવાકીય ક્ષેત્રો જેવા કે, આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ, ગ્રામ વિકાસ, જરૂરીયાતમંદોને સહાય વગેરેમાં ઓછામાં ઓછા પાંચ વર્ષથી કામગીરી કરેલ હોવી જોઇએ. આ કામગીરી સબબના આધારો અરજીપત્રક સાથે સામેલ રાખવાના રહેશે.

૪. અરજી કરનાર સંસ્થાઓ પૈકી નારી સશકિતકરણ ક્ષેત્રે જરૂરીયાતમંદ મહિલાઓને જે સંસ્થાઓ ધ્વારા તાલીમ આપેલ હોય તેવી સંસ્થાને પ્રાધાન્ય આપવામાં આવશે.

૫. પ્રમાણીત કર્યા સિવાયની અધુરી વિગતોવાળી અરજીઓ અને આધાર રજુ કર્યા ન હોય તેવી અરજીઓ માન્ય ગણાશે નહિ.

૬. અરજી પત્રક સાથેના સંમતિ પત્રક તથા પરિશિષ્ટ-૧ અને ૨ ની શરતોનું પાલન સંસ્થાએ ચૂસ્તપણે કરવાનું રહેશે. અને તેની સંમતિ આપતા તેમાં સહી/ સિકકા કરી અરજી પત્રક સાથે સામેલ રાખવાના રહેશે.

૭. દરેક સ્વૈચ્છિક સંસ્થા વધુમાં વધુ સ્થાનિક જિલ્લા ઉપરાંત ૧ (એક) જિલ્લા માટે પસંદગી કરી શકશે. સ્થાનિક જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.

૮. અરજી મંજુર થયેથી જિલ્લા અને તાલીમના વર્ગોની ફાળવણી કરવા અંગેનો આખરી નિર્ણય સરકારશ્રી પાસે અબાધિત રહેશે.

૯. અરજી મંજુર, અથવા નામંજુર કરવા અંગેનો નિર્ણય સરકારશ્રી પાસે અબાધિત અધિકાર રહેશે. જે અંગે કોઇ પણ જાતનો વાધો કે તકરાર સ્વીકારવામાં આવશે નહિ.

**Email : mo-icds-wcd@gujarat.gov.in**
**Phone no. : 079 232-51714,**
**Phone /Fax no. : 079 232-51716**

**કમિશ્નર,**
**મહિલા અને બાળ વિકાસ,**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

**ક્રમાકઃકમબ/વઅસ/તાલીમ/ 2990 થી 91/17-18**
**તા. 06/૦4/2017**

## સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે નિરાધાર વિધવા સહાય યોજનાના લાભાર્થીઓનું તાલીમ દ્વારા પુનઃસ્થાપન કરવા માટેનું અરજી પત્રક

**૧.** અરજી પત્રક બે નકલમાં રજૂ કરવાનું રહેશે.

૨. અધૂરી અને પુરતી માહિતી વગરની અરજી અમાન્ય રહેશે.

૩. અરજીપત્રકનો ભાગ- અ અને ભાગ- બ અરજદાર સંસ્થાએ ભરવાનો રહેશે અને અરજીપત્રક પરિશિષ્ટ- ૧ અને ૨ ની શરતો સંસ્થા ને માન્ય છે એની સંમતિ આપતા તેમા સહી/સિકકા કરી અરજી પત્રક સાથે સામેલ રાખવાના રહેશે.

### (ભાગ- અ)

૧. સંસ્થાનું નામ/ સરનામું
૨. ટેલિફોન નંબર (એસ.ટી.ડી.કોડ સાથે)
૩. ફેકસ નંબર/ E-Mail ID
૪. સંસ્થા ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં નોંધાયેલ છે ?
હોય તો નંબર/તારીખ
૫. સંસ્થાના બંધારણ મુજબ ટ્રસ્ટના હેતુઓ.
૬. સંસ્થાનો ટૂંકો પરિચય.
૭. સંસ્થાનો સ્થાનિક જિલ્લો ઉપરાંત અન્ય ૧ (એક) જિલ્લા પસંદગી કરવા માંગતા હોય તો એક જિલ્લાનું નામ. ૧. ........................................

૮. સંસ્થાનું પોતાનું મકાન છે કે ભાડાનું તેની સંપૂર્ણ વિગતો.

૯. છેલ્લે ત્રણ વર્ષમાં સંસ્થાએ કરેલ કામગીરીની વિગતો.

| અ.નં. | કામગીરીનો પ્રકાર | આવરી લેવાયેલ લાભાર્થી | | કરવામાં આવેલ ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|---|---|
| | | સ્ત્રી | પુરૂષ | |
| | | | | |
| | | | | |
| | | | | |

૧૦. સંસ્થાની છેલ્લા ત્રણ વર્ષની આર્થિક સધ્ધરતાની માહિતી

| અ.નં. | નાંણાકીય વર્ષ | આવક | ખર્ચ | સિલક | નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૩-૧૪ | | | | |
| ૨ | ૨૦૧૪-૧૫ | | | | |
| ૩ | ૨૦૧૫-૧૬ | | | | |

૧૧. છેલ્લા ત્રણ વર્ષમાં રાજય સરકાર/કેન્દ્ર સરકાર અને અન્ય સરકારી સંસ્થાઓ દ્વારા મેળવેલ ગ્રાન્ટ ની વિગતો (ગ્રાન્ટ મળ્યાના હુકમની નકલો અરજી સાથે સામેલ રાખવી)

| ક્રમ | કેન્દ્ર/ રાજય સરકાર | કયા હેતુ માટે | મળેલ રકમ રૂા. |
|---|---|---|---|
| | | | |

૧૨. છેલ્લા ત્રણ વર્ષમાં પરદેશમાંથી મેળવેલ ફાળાની વિગતો.

| ક્રમ | દેશનું નામ | સંસ્થાનું નામ | કયા હેતુ માટે | મળેલ રકમ રૂા. |
|---|---|---|---|---|
| | | | | |

૧૩. સંસ્થાના ટ્રસ્ટી/ વ્યવસ્થાપક કમિટીના સભ્યોની વિગતો

| ક્રમ | ટ્રસ્ટીઓના નામ સરનામાં | ઉંમર | હોદ્દો | શૈક્ષણિક લાયકાત | વ્યવસાય |
|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

૧૪. તાલીમ આપવા માટે સંસ્થાના પાસે ઉપલબ્ધ કર્મચારીઓની વિગત

| ક્રમ | કર્મચારીનું નામ સરનામુ | ઉંમર | હોદ્દો | પાર્ટટાઇમ/ફુલટાઇમ | શૈક્ષણિક લાયકાત | માસિક પગાર રૂ. |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

સંસ્થાના પ્રમુખ/ મંત્રીશ્રીનાસહી સિકકા.

**( ભાગ- બ )**

## સંસ્થા દ્વારા તાલીમ પ્રોજેકટના અમલીકરણ માટે દરખાસ્ત

૧ સંસ્થા દ્વારા કેટલા ટ્રેડમાં તાલીમ આપવામાં આવશે તથા તાલીમવર્ગની કામગીરી મેળવવા માટે સંમતિ આપતો ઠરાવ કરવામાં આવેલ છે ? (ઠરાવની નકલ સામેલ રાખવી)

૨ સંસ્થા દ્વારા હાલમાં ચલાવવામાં આવતા તાલીમ કાર્યક્રમોના પ્રકાર ( ટ્રેડીશનલ/નોનટ્રેડીશનલ)

૩ લાભાર્થીઓને જાગૃતિ શિબિરમાં બોલાવી સ્થાનિક બજારને અનુકૂળ તાલીમ માટે તૈયાર કરવા વિચારેલ આયોજનની વિગતો

૪ સંસ્થા કેટલા લાભાર્થીઓને તાલીમ આપી શકશે? (નોંધઃ- ૨૫ લાભાર્થીઓના ગુણાંકમાં વર્ગોની સંખ્યા લખવી. ટ્રેડીંગ તથા સર્વિસીઝ ટાઇપના ટ્રેડની બે અઠવાડિયાની તાલીમ મોડયુલ-૧ અને મેન્યુફેકચરીંગ ટાઇપના ટ્રેડની ચાર અઠવાડીયાની તાલીમ મોડયુલ- ૨ પ્રમાણે અલગ અલગ ગણીને આપવાની રહેશે. )
(અ) દા.ત. સ્વૈ.સંસ્થા સિવણના ટ્રેડમાં તાલીમ આપવા ઇચ્છે તો સંસ્થા પાસે પોતાના કેટલા સિવણ મશિનો છે તેની સંખ્યા દર્શાવવી.
(બ) આ ટ્રેડ અન્વયે કુલ કેટલાં ઈસ્ટ્રકટરો સંસ્થા પાસે છે તેની વિગતો દર્શાવવી.
(ક) આ અગાઉ સંસ્થા દ્વારા જે ટ્રેડમાં તાલીમાર્થીઓને તાલીમ આપેલ હોય તેની ટ્રેડવાઈઝ વિગતો દર્શાવવી.

૫ સંસ્થા પાસે તાલીમ આપવા માટે ઉપલબ્ધ સગવડો

૬ તાલીમ માટેના તાલીમાર્થીને પુરા પાડવાના કાચામાલના સ્ત્રોત.

૭ તાલીમ માટેનું સ્થળ અ- જિલ્લો
બ- તાલુકો

૮ તાલીમ સ્થળના ગામ/શહેરની વસ્તી (૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ)

૯ સંસ્થા દ્વારા તાલીમ આપવા માટે થનાર ખર્ચની વિગતો (રૂપિયામાં) — મોડયુલ-૧ — મોડયુલ- ૨
(અ) લાભાર્થીના તાલીમવર્ગ ચલાવવા માટેના વર્ગદીઠ મહેનતાણાની રકમ
(બ) તાલીમાર્થીઓને કાચુ મટીરીયલ પુરૂ પાડવાનો ખર્ચ
(ક) તાલીમાર્થીઓને રહેઠાણ સ્થળેથી તાલીમ વર્ગ સુધી આવવા – જવાના ભાડાની રકમ ......... ............
(ડ) વર્ગ દીઠ કૂલ ખર્ચ ( અ +બ +ક )

૧૦ (અ) તાલીમબાદ લાભાર્થીઓને તુર્તજ સ્વરોજગારી શરૂ કરાવવા સંસ્થા સંમત છે?

(બ) લાભાર્થીને સ્વરોજગારી માટે સરકારશ્રીએ ઠરાવેલ સાધન સહાય ઉપરાંત વધુ જોઇતી રકમ માટે સંસ્થા દ્વારા

લોન વિગેરે મેળવવા માટે કરવામાં આવનાર પ્રયત્નોની વિગતો.

(ક) લાભાર્થી તાલીમ બાદ સ્વરોજગારી શરૂ કરે તે માટે અને સંસ્થાએ ૧ વર્ષ સુધીના ફોલોઅપ કરવા સંમત છે? જો હા, તો તેની વિગતો આપવી.

(ડ) દર ૩ માસે તાલીમાર્થી તથા તેઓની સ્વરોજગારી/ પુન:સ્થાપન અંગે થયેલ કાર્યવાહીના અહેવાલ સંબંધિત જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારીશ્રીની કચેરીને આપવા સંસ્થા સંમત છે ?

સદર હુ અરજી ફોર્મમાં જણાવેલ તમામ શરતો અને બોલીઓ તથા ચેકલિસ્ટમાં જણાવેલ તાલીમ વર્ગના નિયમો સંસ્થાને બંધનકર્તા રહેશે. તેની ખાતરી આપવામાં આવે છે. આ સાથે શરતો અને બોલીઓ (પરિશિષ્ટ – ૧) અને ચેકલિસ્ટ (પરિશિષ્ટ– ૨) માં સંસ્થાના સહી/ સિકકા કરી સામેલ રાખેલ છે.

સંસ્થાના પ્રમુખ/ મંત્રીશ્રીનાસહી સિકકા.

## તાલીમ કાર્યક્રમ માટેની અરજી ફોર્મમાં માં સાથે રાખવાના જોડાણોની યાદી

૧. સંસ્થાના રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર.
૨. સંસ્થાના હેતુ ( બંધારણ મુજબ) સંસ્થાના બંધારણની નકલ સહ.
૩. છેલ્લા ૩ વર્ષના ઓડીટેડ હિસાબો. (નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬)
૪. દરેક તાલીમ વર્ગ પાછળ થનાર ખર્ચની વિગતો.
૫. સંસ્થાએ છેલ્લા ૫ વર્ષ દરમિયાન તાલીમાર્થીઓને પુરી પાડેલ સ્વરોજગારીની વિગતો. (નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૬)
૬. સંસ્થા તાલીમ વર્ગો ચલાવવા માગે છે તે અંગેની સંમતિ આપતો પત્ર.
૭. સંસ્થાએ આપેલ તાલીમની વિગતો. (જો તાલીમ આપી હોય તો)

| ક્રમ | વર્ષ | તાલીમ ટ્રેડ | તાલીમનું સ્થળ | તાલીમાર્થીની સંખ્યા | | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | પુ. | સ્ત્રી | કુલ | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

નોંધઃ- ઉપરોકત અરજીપત્રકના કોઇપણ કોલમમાં માહિતી માટે જગા ઓછી જણાય તો અલગ પત્ર ઉપર જે તે ભાગનો કોલમ નંબર લખી અરજીપત્રક સાથે માહિતી સામેલ રાખવી.

## અરજી ફોર્મમાં ની મુખ્ય શરતો

(૧). સંસ્થા સધ્ધર હોવાનું રૂા.૫.૦૦ લાખ ઉપરનું / જાહેરાતમાં ઉલ્લેખ કરેલ બેંક બેલેન્સ હોવાનું બેંકનું પ્રમાણપત્ર સામેલ હોવું જોઇએ.

(૨). સંસ્થા પાસે ઓછામાં ઓછા ૫ (પાંચ) જેટલા જુદા જુદા ટ્રેડમાં ઇન્સ્ટ્રકટરો હોવા જોઇએ. આવા તાલીમી ઇન્સ્ટ્રકટરોની યાદી વિગતો સાથેની સામેલ રાખેલ હોવી જોઇએ.

(૩). સંસ્થા પાસે જુદા જુદા ટ્રેડમાં તાલીમ આપવા અંગે પૂરતી સંખ્યામાં સાધન સામગ્રી હોવી જોઇએ. જેની યાદી સામેલ રાખવી.

(૪). સંસ્થા પાસે રાજયના ભૌગોલિક વિસ્તારો પ્રમાણે સ્વરોજગારી પૂરી પાડી શકાય તેવા અભ્યાસુ નિષ્ણાત અથવા જાણકાર વ્યકિતઓ હોવા જોઇએ. જેની યાદી સામેલ રાખવી.

## નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટેની આર્થિક સહાય યોજના હેઠળના લાભાર્થીઓને તાલીમ દ્વારા પુનઃસ્થાપન કરવાની યોજના અન્વયે તાલીમ આપવા અંગે સ્વૈચ્છિક સંસ્થાઓનો સંમતિ પત્ર

## (વર્ષ ૨૦૧૬-૧૭)

આથી અમો નીચે સહી કરનાર......................................(સંસ્થાનું નામ) સંસ્થાના વહીવટકર્તા આજરોજ જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રી, ........................ ને લેખિત સંમતિ આપીએ છીએ કે કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરના પત્ર નં............ ........... ............ ............ ............ ... થી અમોને તાલીમ આપવા માટે ફાળવેલ જિલ્લાના લાભાર્થીઓને સરકારશ્રીએ મંજૂર રાખેલ તાલીમવર્ગના ભાવ તથા ફાળવણી પત્રમાંની શરતો સંસ્થાને મંજૂર છે તથા મોડયુલ- ૧ (બે અઠવાડીયાના) અને મોડયુલ-૨ (ચાર અઠવાડીયા) ના તાલીમવર્ગો નિયત સમય મર્યાદામાં આ સાથેના નિયત પરિશિષ્ટ - ૧ અને ૨ ની શરતોને આધીન તાલીમ આપી કામગીરી પૂર્ણ કરીશું. તેની આજરોજ સંમતિ અને ખાતરી આપીએ છીએ.

તારીખઃ...................
સ્થળઃ....................

(સહી કરનારનું નામ/હોદ્દો)
(સંસ્થાનો સિકકો)

મારી રૂબરૂ

(જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રીના સહિ/સિકકા )

# પરિશિષ્ટ - ૧

## નિરાધાર વિધવા સહાય યોજનાના લાભાર્થીઓને તાલીમ આપી પુનઃસ્થાપન કરવાના તાલીમવર્ગની શરતો અને બોલીઓ તથા તાલીમવર્ગના નિયમો( સંસ્થા માટે)

૧. અરજી પત્રક બે નકલમાં જે તે સ્વૈચ્છિક સંસ્થાના રજીસ્ટ્રેશનવાળા જિલ્લાના જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારીશ્રીની કચેરીમાં રજૂ કરવાનું રહેશે.

૨. અધૂરી અને પુરતી માહિતી વગરની અરજી અમાન્ય રહેશે.

૩. દરેક સ્વૈચ્છિક સંસ્થા વધુમાં વધુ સ્થાનિક જિલ્લા ઉપરાંત ૧(એક) જિલ્લા માટે પસંદગી કરી શકશે. સ્થાનિક જીલ્લાની સ્વૈચ્છિક સંસ્થાને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.

૪. અરજી મંજુર, નામંજુર અંગે નિર્ણય કરવાનો સક્ષમ સત્તાધિકારીને અબાધિત અધિકાર રહેશે. જે અંગે કોઇ પણ જાતનો વાધો કે તકરાર સ્વીકારવામાં આવશે નહિ.

૫. સ્વૈચ્છિક સંસ્થાઓની પસંદગી અંગેનો અબાધિત સક્ષમ સત્તાધિકારીને રહેશે જે અંગે કોઇ પણ જાતનો વાધો કે તકરાર સ્વીકારવામાં આવશે નહિ.

૬. અરજી પત્રક સાથેનાં સંમતિ પત્રક તથા પરિશિષ્ટ-૧ અને ૨ ની શરતોનું પાલન સંસ્થાએ ચૂસ્તપણે કરવાનું રહેશે અને તેની સંમતિ આપતા તેમાં સહી/સિક્કા કરી અરજીપત્રક સાથે સામેલ રાખવાના રહેશે.

૭. સંસ્થા તા.૧/૦૪/૨૦૧૫ પહેલા રજિસ્ટર્ડ થયેલ હોવી જોઇએ તથા છેલ્લા બે નાણાકીય વર્ષ એટલે કે વર્ષ-૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ દરમ્યાન ઓછામાં ઓછું વાર્ષિક ટર્નઓવર રૂ।.૧૫.૦૦ (પંદર) લાખનું થયેલું હોવું જોઇએ અને સંસ્થાનું બેંક બેલેન્સ જાહેરાત વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થાય તે માસની પહેલી તારીખની સ્થિતિએ ઓછામાં ઓછું રૂ।.૫.૦૦ લાખનું હોવું જોઇશે. તેના પુરાવા અરજીપત્રક સાથે રજૂ કરવાના રહેશે.

૮. સંસ્થાએ નારી સશકિતકરણ અને અલગ અલગ સેવાકીય ક્ષેત્રો જેવા કે, આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ,ગ્રામ વિકાસ, જરૂરીયાત મંદોને સહાય વગેરેમાં ઓછામાં ઓછા પાંચ વર્ષથી કામગીરી કરેલ હોવી જોઇએ. આ કામગીરી સબબની પાંચ વર્ષની વિગતોનો આધાર પણ અરજીપત્રક સાથે સામેલ રાખવાનો રહેશે.

૯. અરજી કરનાર સંસ્થાએ અલગ અલગ ક્ષેત્રમાં સેવાકીય કામગીરી કરેલ હોવી જોઇએ
આ કામગીરી સબબની વિગતોનો આધાર અરજીપત્રક સાથે સામેલ રાખવાનો રહેશે.

૧૦. અરજી કરનાર સંસ્થા દ્વારા નારી સશકિતકરણ ક્ષેત્રે જરૂરીયાતમંદ મહિલાઓનેતાલીમ આપેલ હોય તેવી સંસ્થાને પ્રાધાન્ય આપવામાં આવશે.

૧૧. અરજી મંજુર થયેથી જે તે જિલ્લાઓમાં વર્ગોની ફાળવણી કરવા અંગેનો નિર્ણય સક્ષમ અધિકારીશ્રી પાસે અબાધિત અધિકાર રહેશે.

૧૨. તાલીમ યોજના અન્વયે જાહેરાત પ્રસિધ્ધ થયેથી સંસ્થાની પસંદગી થયેથી વર્ક ઓર્ડરની શરતો તથા વર્ગોની ફાળવણીથી શરૂ કરી ત્રણેય તબક્કાઓનું સંસ્થાને ચુકવણું કરવામાં આવે ત્યા સુધીમાં વખતો વખત સરકારશ્રી ધ્વારા બહાર પાડવામાં આવનાર તમામ નિયમો / સૂચનાઓનું સફળ થનાર સ્વૈચ્છિક સંસ્થાએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. સંસ્થાએ તાલીમવર્ગમાટે લાભારથીની યાદી જે તે જીલ્લાના દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી, સહ રક્ષણ અધિકારીશ્રીની કચેરીમાંથી જે તે સંસ્થાને પુરી પાડવામાં આવશે તે યાદી મુજબની મહિલાઓને જ તાલીમ આપવાની રહેશે.

૧૪. સ્વૈચ્છિક સંસ્થાને તાલીમવર્ગની મંજૂરીનો વર્ક ઓર્ડર મળ્યા બાદ જે તે જીલ્લાના દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી, સહ રક્ષણ અધિકારીશ્રીની કચેરીમાંથી યાદી મેળવ્યા બાદ દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી સુચવે તે તારીખોમાં વર્ગ શરૂ કરવાનો રહેશે અને ઉપલબ્ધ ગ્રાન્ટના પ્રમાણમાં જ વર્ગો ચલાવવાનો વર્ક ઓર્ડર આપવાનો રહેશે

૧૫. તાલીમવર્ગ શરૂ કરવા બાબતે તારીખ-સ્થળ અને સમય અંગે જે તે જિલ્લાના જીલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રીને ૧૦ દિવસ અગાઉ જાણ કરવાની રહેશે. નિયત થયેલ તારીખે વર્ગ શરૂ ન થાય તો પુન: દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી પાસે તારીખ નક્કી કરાવી વિધવા તાલીમાર્થીઓને તાલીમ આપવાની રહેશે.

૧૬. તાલીમાર્થીઓ પાસેથી કોઇ જ પ્રકારની ફી લેવાની રહેશે નહીં.

૧૭. સંસ્થાએ સરકારશ્રીએ ઠરાવ્યા મુજબનો વહીવટી ખર્ચ કરવાનો રહેશે. (વિધવા તાલીમઆર્થી દીઠ રો-મટેરીયલ, ચા-નાસ્તો વિગેરે) વધારાનો કોઇ ખર્ચ મળવાપાત્ર થશે નહી.

૧૮. તાલીમવર્ગનો સમય દરરોજ બપોરના ૧૨થી ૧૭ કલાકમાં રાખવાનો રહેશે.

૧૯. તાલીમવર્ગની હાજરીની માહિતી જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રીની કચેરીને દર અઠવાડીએ મોકલી આપવાની રહેશે.

૨૦. તાલીમ આપવા સારૂ તાલીમબધ્ધ ઇન્સ્ટ્રકટરની વ્યવસ્થા જે તે સ્વૈચ્છિક સંસ્થાએ કરવાની રહેશે અને કયા ઇન્સ્ટ્રકટર દ્વારા તાલીમ આપવામાં આવી તેની વિગતો દહેજ પ્રતિબંધક અધિકારીને આપવાની રહેશે.

૨૧. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તૈયાર થયેલ નમૂના અનુસારનું પ્રમાણપત્ર સફળતાપૂર્વક તાલીમ પૂરી કરેલ તાલીમાર્થીને આપવાનું રહેશે.

૨૨. તાલીમાર્થીઓએ તાલીમ સમય દરમિયાન કરેલ કામગીરી જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રી અને મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીશ્રીઓ જ્યારે જ્યારે સંસ્થાની મુલાકાત લે ત્યારે વિગતવાર રીપોર્ટ જે તે અધિકારીશ્રીને રૂબરૂમાં આપવાનો રહેશે.

૨૩. સંસ્થાએ મુલાકાત રજીસ્ટર રાખવું અને મુલાકાત લેનાર અધિકારીઓની નોંધ કરાવવાની રહેશે. જે વર્ગ પૂર્ણ થતા દહેજ પ્રતિબંધક અધિકારીની કચેરીમાં રેકર્ડ જમાં કરાવવાનું રહેશે.

૨૪. મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીશ્રીઓ તમારી સંસ્થાની મુલાકાત દરમ્યાન માગે તે સમયે સંસ્થાએ જરૂરી રેકર્ડ, હિસાબો, રજીસ્ટર વગેરે આનુસંગિક દસ્તાવેજો તપાસ અર્થે તાત્કાલિક રજૂ કરવાના રહેશે.

૨૬. તાલીમ બાદ સંસ્થાએ તાલીમાર્થીઓને તાલીમ પછી સ્વરોજગારી શરૂ કરવામાં સંપૂર્ણ મદદરૂપ થવાનું રહેશે. સાધન સહાયની નિયત થયેલ રકમ ઉપરાંત જરૂરીયાતની વધારાની રકમ લોન વિગેરેથી મેળવી આપવા સહાયભૂત થવાનું રહેશે.

૨૭. જિલ્લાની તથા ગાંધીનગરની વડી કચેરીએથી વખતો વખત આપેલ સૂચનાઓનું ચુસ્તપણે સંબંધ કરતા સંસ્થાઓએ પાલન કરવાનું રહેશે.

૨૮. સંસ્થાને તાલીમવર્ગ સંચાલનમાં થયેલ ખર્ચની રકમ સંબંધિત જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રીની કચેરી દ્વારા ૩ તબક્કામાં ચૂકવવામાં આવશે.

(અ). તાલીમ લીધેલ લાભાર્થીઓ પૈકી ઓછામાં ઓછા ૯૦ ટકા લાભાર્થીઓએ સ્વરોજગારી શરૂ કરેલ હોય ત્યારે બાકીની ૧૦ ટકા રકમ દરેક તબકકે અહેવાલ જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રીની કચેરી મારફતે પૂરતી ખાતરી કર્યાબાદ ચુકવણી કરવામાં આવશે.

૨૯. તાલીમ વર્ગમાં વિધવા સહાય યોજનાના લાભાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે, તેઓના નામ, સરનામા, WFA A/c નંબર, આધાર કાર્ડ નંબર, તાલીમ પ્રકાર, સ્વરોજગારી પ્રકારની માહિતી વર્ગવાર તારીખો સાથેનું રેકર્ડ નિભાવવાનું રહેશે. સ્ટાયપેન્ડની રકમ લાભાર્થીના પોસ્ટ એકાઉન્ટમાં સીધી જમા કરાવવામાં આવશે તે માટે જરૂરી વિગતો આપવાની જવાબદારી જેતે સંસ્થાની રહેશે. આ વિગતો તાલીમ શરૂ કરતાંની સાથે જ દહેજ પ્રતિબંધક અધિકારીશ્રીને આપવાની રહેશે.

૩૦. તાલીમાર્થીની ઉંમર ૧૮ થી ૪૦ વર્ષ સુધીની હોવી જોઇએ.(સૂચવેલ ઉંમરથી વધુ ઉંમરની મહિલાઓને જો તાલીમ આપવામાં આવેલાનું ફલિત થશે તો તે અંગે સંસ્થાને ચૂકવવાપાત્ર રકમમોમાંથી જે તે જિલ્લાનાં દ.પ્ર.અ.શ્રીઓ સૂચવશે તેટલી રકમ દંડ સહિત વસૂલ કરવામાં આવશે.

૩૧. તાલીમ બાદ દરેક તાલીમાર્થીઓને સાધન સહાય જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી કે મહિલા બાળ વિકાસ વિભાગના અધિકારીશ્રીની દ્વારા વિતરણ કરાવવામાં આવશે લાભાર્થીને હાજર રાખવાની જવાબદારી સંસ્થાની રહેશે.

૩૨. તાલીમ બાદ લાભાર્થીને આપવાની સાધન સહાયની કીટ જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારીશ્રીના સહયોગથી નકકી કરવાની રહેશે. જે મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા નકકી થાય ત્યાથી મેળવીને અધિકૃત અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં જ લાભાર્થીને આપવાની રહેશે.

૩૩. વર્ક ઓર્ડર મેળવેલ સફળ સ્વૈચ્છિક સંસ્થાના તાલીમ વર્ગની મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારી/કર્મચારી અચાનક મુલાકાત લેશે તે સમયે તાલીમવર્ગને લગતું રેકર્ડ તથા તાલીમવર્ગ નીતિનિયમ મુજબ ચાલતો હોવો જોઇએ અન્યથા તાલીમવર્ગ રદ કરીને સંસ્થાની વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૩૪. તાલીમ દરમિયાન ૮૦ ટકાથી ઓછી હાજરી ધરાવનાર તાલીમાર્થીને પ્રમાણપત્ર આપવામાં નહીં આવે તેમજ તે તાલીમાર્થી દીઠ સંસ્થાને મળવાપાત્ર સંસ્થાકીય તાલીમ ખર્ચ જેતે જિલ્લાના દ.પ્ર.અ.શ્રીઓ સૂચવે તેટલી રકમ સંસ્થાને મળનાર કુલ રકમમાંથી કાપી લેવામાં આવશે.

૩૫. તાલીમ વર્ગ ચલાવનાર સંસ્થા દ્વારા નિયમોનું પાલન કરવા બાબતે તાલીમ વર્ગ અધવચ્ચે બંધ કરે, મોડો ચાલુ કરે, અનિયમિત ચલાવે, સળંગ ૮૦ ટકાથી ઓછી હાજરી જણાય, વિધવા લાભાર્થીઓને ચા-નાસ્તો ના આપે, તાલીમના સમય ગાળા દરમ્યાન ઠરાવની જોગવાઇઓ મુજબ જે તે ટ્રેડની તાલીમ દરમ્યાન પુરુ પાડવામાં આવનાર રો-મટેરીયલ પુરૂ ના પાડે તથા જે તે ટ્રેડની તાલીમ મોડ્યુલ મુજબ ના આપે, તાલીમના પુર્ણાહુતિ ના દિવસે સંબધિત દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારીશ્રી ના બોલાવે, એક પણ તાલીમાર્થીને દર અઠવાડીએ મળવા પાત્ર પ્રવાસ ભથ્થાના નાણા ન ચુકવે કે, તેના સંમકક્ષ અન્ય કોઇ પણ ગુન્હા હેઠળ ગેર કાનુની કે ગેરશિસ્ત જો સ્વૈચ્છિક સંસ્થા આચરશે તો જે તે તાલીમ વર્ગની મળવા પાત્ર રકમ ચુકવવામાં આવશે નહી તદ ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાની કોઇ પણ પ્રકારની ગેરરીતીની જાણ જો વર્ગો પુરા થયા પછી પણ કમિશ્નરશ્રી મહિલા બાળ અને વિકાસના ધ્યાને આવશે તો પણ પ્રથમ તબક્કા પેટે ૨૫ મુજબ અને બીજા તબક્કા પેટે ૬૫ મુજબ ચુકવાઇ ગયેલ રકમના નાણાં પણ સંસ્થા પાસેથી પરત વસુલ કરવામા આવશે. આ બાબતે સંસ્થા જો કાઇ આનાકાની કરશે, નાણા પરત નહિ જમા કરાવે તો કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ જે તે સ્વૈચ્છિક સંસ્થાના પ્રમુખ અને તમામ ટ્રસ્ટીઓની વિરુધ્ધમાં સરકાર સાથે અને આ યોજના સાથે સંકળાયેલી વિધવા લાભાર્થીઓ સાથે છેતરપિડી કરવા બદલ પોલીસ ફરીયાદ પણ દાખલ કરશે તેમજ સરકારશ્રી ધ્વારા ચુકવાઇ ગયેલ રકમ પણ રેવન્યુ રાહે વસુલ કરવામાં આવશે. કે તથા કોઇ પણ હરકત સામે તાલીમવર્ગનો ખર્ચ ચૂકવાશે નહીં. તેમજ તે અંગેની રકમ ચૂકવાયા પછી જાણ થશે તો તે પણ રેવન્યુ રાહે વસૂલ કરવામાં આવશે.

૩૬. સફળ થનાર સ્વૈચ્છિક સંસ્થા તાલીમ વર્ગ શરૂ કરે ત્યાં પુરતી ભૌતિક હવા ઉજાસવાળી બેઠક વ્યવસ્થા, લાઇટ, પાણી અને શૌચાલય જેવી પાયાની સુવિધાઓ સંસ્થાએ તાલીમાર્થીઓને પુરી પાડવાની રહેશે.

૩૭. તાલીમપૂર્ણ થયા બાદ વાર્ષિક અહેવાલ એક વર્ષ સુધી નીચે મુજબની માહિતી ISM સોફટવેરમાં, માઇક્રોસોફટ એકસેલ પ્રોગ્રામમાં ગુજરાતીમાં અથવા કમિશ્નરશ્રી સૂચવે તે મુજબ તૈયાર કરી જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી ને અચૂક મોકલવાનો રહેશે.

| ક્રમ | તાલીમાર્થીનું નામ, સરનામું | જાતિ | તાલીમ પ્રકાર | સ્વરોજગારી શરૂ કર્યાની વિગત | સ્વરોજગારી થી થતી આવક | સ્વરોજગારી આપનાર સંસ્થાનું નામ | સ્વરોજગારીના સ્થળનું સરનામું |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | | | | | | | |
| | | | | | | | |

સંસ્થાના પ્રમુખ/મંત્રી
સહી/ સિકકો

૩૮. તાલીમવર્ગનું હાજરીપત્રક પાકા બાઇન્ડીંગમાં રાખવાનું રહેશે.

૩૯. દરેક તાલીમવર્ગ પૂર્ણ થયે નીચે મુજબ હાજરીની તારીખ જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારીશ્રીની કચેરીને પૂરી પાડવાની રહેશે.

| ક્રમ | તાલીમાર્થીનું નામ, સરનામું | કુલ દિવસ | તાલીમ ના કુલ દિવસ | હાજરીમાં કુલ દિવસ | ગેર હાજરીમાં કુલ દિવસના ટકા | હાજરી | નોંધ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | |
| | | | | | | | | |

સંસ્થાના પ્રમુખ/મંત્રી
સહી/ સિકકો

૪૦. સફળ થનાર સ્વૈચ્છિક સંસ્થાએ તાલીમવર્ગ પૂર્ણ થયેથી નીચે મુજબના નમૂનામાં ખર્ચની વિગત દર્શાવતુ પત્રક અને બિલ/વાઉચરની ઝેરોક્ષ નકલ સાથે જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રીને રજૂ કરવાના રહેશે. ( સંસ્થા દ્વારા જેતે ટ્રેડમાટે ખરીદ કરેલ રો મટીરીયલ પેટે એકાઉન્ટ પે ચેકથી જે તે વ્યાપારીને તેનું ચૂકવણું કરવાનું રહેશે તેમજ બીજા તબક્કાનું ૬૫% મુજબનું પેમેન્ટ મેળવતા પહેલા તેના આધારો સંબંધીત દહેજ અધિકારીશ્રીની કચેરીમાં રજૂ કરવનાં રહેશે અન્યથા રો મટીરીયલ પેટે કોઇ જ રકમ ચૂકવવામાં આવશે નહી)

| ક્રમ | વેપારીનું નામ | ખરીદ કરેલ માલની વિગત | બિલ નં / તારીખ | ચુકવેલ રકમ રૂ. | સંસ્થાના રોજમેળ પાના નંબર | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |

સંસ્થાના પ્રમુખ/મંત્રી
સહી/ સિકકો

૪૧. દરેક તાલીમવર્ગના ૩ ફોટોગ્રાફસ (ઇન્સ્ટ્રકટર, સાધન-સામગ્રી તથા તાલીમાર્થી) સહિતના જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારીશ્રીને રજૂ કરવાના રહેશે.

૪૨. સંસ્થાને ચૂકવેલ રકમ જે હેતુ અને સમય માટે મંજૂર થયેલ હશે. તે મુજબ જ વાપરવાની રહેશે તે સિવાયના અન્ય હેતુ માટે આ રકમનો ઉપયોગ સંસ્થા કરી શકશે નહીં.

૪૩. તાલીમ બાદ સ્વરોજગારીનો પ્રગતિ અહેવાલ તેમજ યોજનાનો ભૌતિક પ્રગતિ અહેવાલ દર ૩ માસે જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રીની કચેરીને ૨ નકલમાં રજૂ કરવાનો રહેશે.

૪૪. સંસ્થાએ તાલીમ યોજના અંગેના હિસાબો અલગ રીતે નિભાવવાના રહેશે તથા હિસાબોનું રજીસ્ટર C.A મારફત ઓડીટ કરાવી ઓડીટ કરાવેલ હીસાબો તેમજ અહેવાલ જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રીની કચેરીને રજૂ કરવાનો રહેશે.

૪૫. ખર્ચનો પ્રગતિ અહેવાલ મળ્યા પછી જ આગળના હપ્તાની રકમ જે તે સ્વૈચ્છિક સંસ્થાને જે તે જિલ્લાના જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવશે.

૪૬. તાલીમ અંગેના તબકકાવાર ખર્ચના યુટીલાઇઝેશન પ્રમાણપત્ર વિગતવાર તુર્તજ જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રીને તાલીમ આપ્યા અંગેની સંપુર્ણ માહિતી સાથે ૨ નકલમાં રજૂ કરવાના રહેશે.

૪૭. જે હેતુ માટે રકમ મળેલ છે તેમાંથી વણવપરાયેલ રહેલી રકમ જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રીની કચેરીને પરત કરવાની રહેશે.

૪૮. તાલીમ વર્ગ શરૂ કરવાનો વર્ક ઓર્ડર મળેલ હોવા છતાં પણ સંસ્થાની કાર્યપદ્ધતિ સંતોષકારક ન જણાય તો તાત્કાલિક અસરથી તાલીમવર્ગોની મંજૂરી રદ કરી કોઇપણ સમયે વર્ગો બંધ કરી દેવા જણાવી શકશે તેમજ કોઈપણજાતનું ચૂકવણું પણ કરવામાં આવશે નહી.

૪૯. મહીલા અને બાળ વિકાસ વિભાગના અધિકારી અને કર્મચારીઓ દ્વારા થનાર ચકાસણી સમયે કોઇપણ બાબત ગેરકાયદેસર જણાશે તો સંસ્થા સામે પગલા લઇ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તથા વર્ગો બંધ કરાવી જે રકમ ફાળવવામાં આવેલ હશે તે રકમ ૧૨ ટકા વાર્ષિક સાદા વ્યાજ સહિત સંસ્થા પાસેથી વસૂલ કરી પરત મેળવવા સરકાર હકદાર રહેશે.

૫૦. સંસ્થા જો તાલીમવર્ગો ચલાવવા માગતી હોય તો સંસ્થાનો સંમતિ આપતો ઠરાવ અરજીપત્રક સાથે રજૂ કરવાનો રહેશે.

૫૧. ઉપર્યુક્ત તમામ શરતોમાંથી કોઇપણ શરતોનો ભંગ થાય છે તેમ સરકારશ્રીને જણાશે તો તાત્કાલિક અસરથી સંસ્થાને મંજૂર કરવામાં આવેલ તાલીમ પ્રોગ્રામ રદ ગણવામાં આવશે અને ભવિષ્યમાં આ યોજના હેઠળ કોઇપણ લાભ સંસ્થાને આપવામાં આવશે નહીં.

૫૨. લાભાર્થીઓને અનુકૂળ હોય તેવા સ્થાનિક બજારને લગતા (૧).મેન્યુફેકચરીંગ (૨).ટ્રેડીંગ અને (૩). સર્વિસીઝના તાલીમવર્ગના સંભવિત ટ્રેડની યાદી આ સાથે સામેલ છે. સદર યાદીમાં દર્શાવેલ ટ્રેડ સિવાયના કોઇપણ ટ્રેડમાં સંસ્થા લાભાર્થીઓને તાલીમ આપી શકશે નહિ.

સંસ્થાના પ્રમુખ/મંત્રી
સહી/ સિકકો

**કમિશ્નર મહિલા અને બાળ વિકાસની કચેરી (મહિલા વિંગ)**
**બ્લોક નં. ૨૦, ગ્રાઉન્ડ ફ્લોર, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**
**પરિશિષ્ટ - ૧નું જોડાણ**

## વિધવા લાભાર્થીઓને તાલીમ આપવાના સંભવિત ટ્રેડની યાદી

| ક્રમ | મેન્યુફેકચરીંગ | ક્રમ | ટ્રેડીંગ | ક્રમ | સર્વિસીઝ |
|---|---|---|---|---|---|
| ૧ | ગારમેન્ટ | ૧ | ફ્રુટ | ૧ | ડેકોરેટર્સ (ફન્કશન્સ) |
| ૨ | એક્રેલીક પ્રોડકટસ | ૨ | સારીઝ | ૨ | સેન્ટરીંગ |
| ૩ | કારપેન્ટરી | ૩ | કટલરી | ૩ | સાયકલ રીપેરીંગ |
| ૪ | લેધર ગુડઝ | ૪ | ગ્રોસરી | ૪ | વોચ રીપેરીંગ |
| ૫ | બિલ્ડીંગ કન્સ્ટ્રકશન | ૫ | કલોથ્સ | ૫ | ટી સ્ટોલ |
| ૬ | મટીરીયલ્સ | ૬ | પ્લાસ્ટીક શુઝ | ૬ | ફોટોગ્રાફી |
| ૭ | પોટરી | ૭ | વેજીટેબલ્સ | ૭ | ઓટો ગેરેજ |
| ૮ | પોપ સ્ટેટસ | ૮ | મ્યુઝીક કેસેટસ | ૮ | બુલોક કાર્ટ |
| ૯ | ગોડ આઇડોલ્સ | ૯ | ટેપ રેકોર્ડસં | ૯ | હેર કટીંગ |
| ૧૦ | સોલ્ટ | ૧૦ | ફર્નિચર | ૧૦ | ટી.વી. ચેનલ કનેકશન |
| ૧૧ | ફાયબર – બુશ | ૧૧ | ઓલ્ડ કલોથ્સ | ૧૧ | મેસની |
| ૧૨ | સીમેન્ટ બ્લોકસ | ૧૨ | મેટલ સ્ક્રેપ | ૧૨ | ડીઝલ એન્જીન હાયરીંગ |
| ૧૩ | રાઇસ પ્રોસેસીંગ | ૧૩ | ફુડ પ્રોડકટસ | ૧૩ | પાન શોપ |
| ૧૪ | નાઇટ ડ્રેસીંસ | ૧૪ | ફીશ | ૧૪ | ગાર્ડન સર્વિસીઝ |
| ૧૫ | એમ્બ્રોડરી | ૧૫ | મીટ | ૧૫ | ઇલેકટ્રીકલ રીપેરીંગ સર્વિસીઝ |
| ૧૬ | પ્લાસ્ટીક બેગ્સ | ૧૬ | પોસ્ટર્સ | ૧૬ | સ્નેક બાર |
| ૧૭ | જુટ રોપ્સ | ૧૭ | મિલ્ક | ૧૭ | ફલાવર મિલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮ | ગ્રાઇન્ડીંગ હબ્સં | ૧૮ | મિલ્ક પ્રોડકટસ | ૧૮ | ગ્રેઇન/હબ્સં ગ્રિડીંગ સર્વિસીઝ |
| ૧૯ | ફોટો ફ્રેમ | ૧૯ | કોસ્મેટીક્સ | ૧૯ | વેલ્ડીંગ |
| ૨૦ | મેટરેસં મેકીંગ | ૨૦ | શીડસ | ૨૦ | બ્યુટી પાર્લર |
| ૨૧ | હોઝીયરી | ૨૧ | ફર્ટીલાઇઝર્સં | ૨૧ | ક્રેચ સર્વિસીઝ |
| ૨૨ | રેકસીન આઇટમ | ૨૨ | ડીઝલ એન્જીન પાટર્સં | ૨૨ | મારબલ કટીંગ એન્ડ પોલીસીંગ |
| ૨૩ | બેકરી | ૨૩ | પાઇપ્સ ફ્રોમ વેલ ટુ ફીસ્ડ (પી.વી.સી ઓર જી.આઇ) | ૨૩ | રિક્ષા |
| ૨૪ | હેન્ડ પમ્પ (પાટર્સં ) | ૨૪ | ઇનસેકટીસાઇડસ / પેસ્ટીસાઇડસ | ૨૪ | હેન્ડ કાર્ટ |
| ૨૫ | વેલ્ડેડ પ્રોડકટસ | | | ૨૫ | ટેલિફોન બુથ |
| ૨૬ | ડોર્સ એન્ડ વીન્ડોવ્સ (વુડ) | | | | |
| ૨૭ | ડાયમેન્ડ પોલીશીંગ પેસ્ટ | | | | |
| ૨૮ | પોલ્ટરી રેરીંગ | | | | |
| ૨૯ | કેટલ રેરીંગ | | | | |
| ૩૦ | કેટલ બ્રિડીંગ | | | | |
| ૩૧ | બાગાયત પાકો, આધારિત તાલીમ- સ્કવોશ, જામ, જેલી, અથાણા વિગેરે | | | | |
| ૩૨ | અંબર ચરખો | | | | |
| ૩૩ | વણાટકામ | | | | |

આથી અમો સ્વૈ.સંસ્થા ............................................... ખાતરી આપીએ છે કે ઉપર જણાવેલ અલગ અલગ ૧ થી ૮૨ જાતના ટ્રેડ પૈકીની ટ્રેડમાં જ તાલીમાર્થીઓને તાલીમ આપીશું                    સંસ્થાનો સહિ સીક્કો

# પરિશિષ્ટ – ૨

## નિરાધાર વિધવા સહાય યોજનાના લાભાર્થીઓને તાલીમ આપી પુનઃસ્થાપન કરવાના તાલીમવર્ગમાં રાખવાની માહિતીનું ચેકલિસ્ટ

૧. સંસ્થા પાસે તાલીમ આપવા માટે હવા, ઉજાસ, લાઇટ-પાણી અને સુલભ શૌચાલયવાળા મકાનની સગવડ માટે પુરતી જગ્યા છે કે કેમ? તથા મકાનોના રૂમોની વિગત પ્રોપર્ટી કાર્ડ/ભાડાચિઠ્ઠીની વિગત આધાર સામેલ રાખવો.

૨. તાલીમ વર્ગમાં દાખલ કરેલ તાલીમાર્થીઓ કે જેના નામોની યાદી, જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રીની કચેરીમાંથી મેળવી, તેઓને બોલાવી તથા તેઓની જાગૃતિ શિબિર યોજી યાદી તૈયાર કરેલ છે તેવા તાલીમાર્થીઓની શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો વિગેરે માહિતી. ( નામ, સરનામું, ઉંમર, જાતિ, WFA A/c નંબર.વિગેરે અટક પહેલા લખવી )

૩. ઇન્સ્ટ્રકટરની વિગતો તથા લાયકાતના પ્રમાણપત્રોની નકલ આધાર રજુ કરવો.

૪. તાલીમ કોર્ષનું સીલેબસ પુરા સમય માટે.

૫. તાલીમ વર્ગનો દિવસનો સમય બપોરના ૧૨ કલાકથી સાંજના ૧૭:૦૦ કલાક સુધીનો રહેશે.

૬. તાલીમાર્થીઓને તાલીમ વર્ગમાં દાખલ થવાના પ્રવેશ કાર્ડ નંબર, તારીખ સાથેની યાદી.

૭. સરકારશ્રીને મોકલેલ અરજીપત્રક સાથે બોલીઓ, શરતો અને તાલીમવર્ગનું ચેકલિસ્ટ સંસ્થાને બંધનકર્તા રહેશે. તેની બાહેધરી રજૂ કરવામાં આવે તેની નકલ.

૮. સંસ્થા ટ્રસ્ટીઓ તથા કારોબારીના સભ્યોના હાલના પુરા નામ, સરનામા તથા વ્યવસાય વિગેરેની માહિતીની યાદી.

૯. તાલીમવર્ગ શરૂ કરતા પહેલા જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રીને લેખિત જાણ કરવાની રહેશે તથા જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી, સહ રક્ષણ અધિકારી શ્રીની સૂચના મુજબ તાલીમ વર્ગ શરૂ કર્યાના પત્રોની નકલ.

સંસ્થાનાપ્રમુખ/મંત્રીશ્રી
સહી/ સિકકો